વર્ષ-૧૨, અંક-૧, સંવત ૨૦૭૨ પોષ વદ-૩,
પ્રસિધ્ધ તા. ૨૭-૦૧-૨૦૧૬, બુધવાર
છુટક નકલ રૂા. ૫-૦૦, વાર્ષિક લવાજમ રૂા. ૬૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

## જય પરમાત્મા





**શિષ્યાણાં હૃદયાન્તર્યો દુ:ખાવેતં સમુજ્જવલમ્ ।**
**પરમાનન્દરુપં ચ પ્રકાશયતિ નિર્મલમ્ ॥**
**આત્મરુપં પ્રદાયાત્ર જિજ્ઞાસૂન ચિરજીવિન: ।**
**વિધ્ધાતિ સદા ભવ્યં સદ્‌ગુરું વલ્લભં નુમ: ॥**

જેઓ શિષ્યોના હૃદયમાં દુ:ખરહિત સમુજ્જવલ નિર્મલ પરમાનંદ સ્વરૂપનો પ્રકાશ પાડે છે અને હંમેશા જિજ્ઞાસુઓને આત્મસ્વરુપનું દાન કરી ચિંરજીવ બનાવે છે, તે ભવ્ય એવા સદ્‌ગુરુ વલ્લભને અમો પ્રણામ કરીએ.

**યદ્‌દર્શનં સંતિનિહન્ત્યઘાનિ**
**કામાદિનાશશ્ચ યદીયવાચા ।**
**ઉત્પદ્યતો યત્કૃપાય વિવેક:**
**રમૂજિલાલસ્ય પદે પ્રણામ: ॥**

જેમનું દર્શન પાતકોને દૂર કરે છે, જેમની વાણીથી કામ આદી શત્રુઓનો નાશ થાય છે, જેમની કૃપાથી વિવેકનો ઉદય થાય છે તે રમુજીલાલ (ગુરૂદેવ)ના ચરણમાં પ્રણામ હો.

(ગતાંગથી ચાલુ...)

આથી દૈહિક, માનસિક અને આત્મિક શક્તિ મેળવવા-કેળવવા માટે "બ્રહ્મચર્ય" એ મુખ્ય સાધન છે. દૈહિક બ્રહ્મચર્યથી શારીરિક તાકાત વધે છે. માનસિક બ્રહ્મચર્યથી એટલે મનમાં જાગતા કુવિચારો તથા મોહ-લોભાદિની ઈચ્છા અટકાવવાથી મનની તાકાત વધે છે અને આત્મિક બ્રહ્મચર્ય એટલે આત્માના પરમરૂપ એટલે મૂળ પિતા પરમેશ્વરની પૂર્ણભાવથી અનન્ય ભક્તિ-ઉપાસના કરવાથી પ્રભુકૃપા પ્રાપ્ત થતાં આત્મ કલ્યાણ થાય છે.

દૈહિક બ્રહ્મચર્ય પાળવાથી દેહથી પવિત્ર રહેવાય છે, પરંતુ કેટલાક માનસિક બ્રહ્મચર્યની ખામીવાળા હોય છે. માનસિક બ્રહ્મચર્ય વિના મનોનિગ્રહ અને મનની સ્થિરતા થઈ શકતી નથી. મનુષ્યનું શરીર એક હાડ, આમ્ર, રૂધિર (લોહી)આદિ પદાર્થોથી ભરેલું ગંદુ શરીર છે અને કાચી માટીનો ઘડો જેમ પાણીથી પલળતાં ઘડાનો આકાર મટી જઈ મૃત્તિકા (માટી) થઈ જાય છે, તેમ માનવ શરીરને અનેક રોગો ઉદ્ભવતાં ઘડીવારમાં મૃત્યુ થતાં વાર લાગતી નથી. માટે તનને, મનને અને આત્માને પવિત્ર અને ક્રિયાશીલ સશક્ત રાખવા બ્રહ્મચર્યની ખાસ આવશ્યકતા હોય છે. ટૂંકમાં કહીએ તો તન, મન અને વચનથી પવિત્ર રહી, સ્ત્રીથી વિરકત અને અલગ રહેવાની વૃત્તિને "બ્રહ્મચર્ય" માનેલું છે. શરીરમાં ઉત્પન્ન થયેલા લોહી, વીર્ય આદિની રક્ષા કરવી અને દરેકે બ્રહ્મવિદ્યાનું અધ્યયન (ભણવું તે) કરવું જરૂરી છે. સ્ત્રીઓના સંસર્ગમાં બને તેટલું ન રહેવું. જો પોતાની વૃત્તિ કોઈપણ સંજોગોમાં ચલાયમાન ન થાય તેવી ખાત્રી કરી લીધેલી હોય તોજ કોઈપણ સ્ત્રીઓની સાનિધ્યમાં રહેવું; છતાં તેનાથી બને તેટલા અલગ રહેવું જોઈએ. પોતાની સ્ત્રી સાથે પણ એકાંતે મળવું, બેસવું, બોલવું, યા વારંવાર દ્રષ્ટિએ પડ્યા કરવું નહિ. શારીરિક તથા માનસિક બન્ને પ્રકારે બ્રહ્મચર્ય પાળી "માતૃવત્ પરદારેષુ"ની ભાવના ઉત્પન્ન કરવી, એજ સર્વ યોગીની ફરજ છે અને તેનો સમય યૌવનાવસ્થા બાદ વિશેષ કરીને માનેલો છે.

શ્રીકૃષ્ણભગવાને ભગવદ્ગીતામાં અર્જુનને જણાવ્યું છે કે :-

**દેવાદ્વિજગુરુપ્રાજ્ઞપૂજનં શૌચમાર્જવમ્ ।**
**બ્રહ્મચર્યમહિંસા ચ શરીરં તપ ઉચ્યતે ॥**

(ભગવદ્ગીતા અધ્યાય ૧૭-શ્લોક ૧૪)

દેવ, બ્રાહ્મણ, ગુરુ તથા વિદ્વાનનું પૂજન, પવિત્રતા, સરલતા, બ્રહ્મચર્ય અને અહિંસા, એને કાયિક તપ કહેવામાં આવે છે.

મહર્ષિ પતંજલિએ ''યોગદર્શન'' માં લખ્યું છે કે :-

**''બ્રહ્મચર્યપ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ''**

બ્રહ્મચર્યની દ્રઢ સ્થિતિ થઈ ગયા પછી સામર્થ્યનો લાભ થાય છે.

મહારાજશ્રી વલ્લભરામે ''ચેતવણી''માં લખ્યું છે કે )-

**કુંડળીઓ**

**બ્રહ્મચર્ય શબ્દનો, બાહુ મોટો મર્મ;**
**બને એથી સંયમી, પળાય આત્મિક ધર્મ.**
**પળાય આત્મિક ધર્મ, થાય બ્રહ્મજ્ઞાનમાં વધારો;**
**ધ્યાનમાં અતિ શ્રેષ્ઠ, હજાર અશ્વમેઘથી સારો.**
**કરે સાધુનો સંગ, રહે વ્યાસ સદાચારી;**
**બ્રહ્મનું આચરણ કરે, તેજ સારો બ્રહ્મચારી.**

**દયા અને અહિંસા :-** દુઃખીઓને પૈસા આપવા, ગરીબોને અન્ન-કપડાં, જમીન યા મકાન આપવું, મરતો હોય તેને બચાવવો, ફાંસીએ ચઢેલાને બચાવવો, તેનું નામ''દયા'' છે. પરંતુ જે આત્મા લાખો ભવોભવમાં ભટકી રહ્યો છે યા જે લક્ષચોરાશીમાં ડુબેલો છે યા પાપનર્કાગારમાં પડેલો છે, તેને પોતાનું સર્વપુણ્ય અર્પણ કરી મોક્ષ અપાવવો યા તેને લક્ષચોરાશીમાંથી સદાને માટે બચાવી લેવો, એનું નામ સાચી દયા છે.

ધર્મશાસ્ત્રોમાં ''દયા'' સંબંધી જે કહેવામાં આવ્યું છે, તે જણાવીએ છીએ.

**કૃપયા ભૂતજં દુઃખં દૈવં જહ્યાત્ સમાધિન ।**
**આત્મજં યોગવીર્યેણ નિદ્રાં સત્વનિષેવયા ॥**

(શ્રીમદ્ભાગવત ૭/૧૫/૨૪)

પ્રાણીઓના દુઃખોને દયાથી, આધિદૈવિક દુઃખોને સમાધિ વડે અને આધ્યાત્મિક દુઃખોને યોગબળથી તેમજ નિદ્રાને સાત્ત્વિક ભોજન, સ્થાન, સંગ વિગેરેના સેવનથી જીતી લેવાં જોઈએ.

**પરસ્મિન્ બન્ધુવર્ગે વા મિત્રે દ્વેષ્યે રિપૌ તથા ।**
**આપન્ને રક્ષિતવ્યં તુ દયૈષા પરિકીર્તિતા ॥**

(અત્રિસ્મૃતિ-શ્લોક ૪૧)

પારકાં હો યા પોતાનાં હો, શત્રુ હો યા મિત્ર હો, આપત્તિકાળમાં દરેકનું રક્ષણ કરવું તેને ''દયા'' કહે છે.

**દયાવાન સર્વભૂતેષુ હિતે રક્તોઽનસૂચકઃ ।**
**સત્યવાદી મૃદુર્દાન્તઃ પ્રજાનાં રક્ષણે રતઃ ॥**

(મહાભારત વન. ૧૯૧-શ્લો. ૨૩)

હે રાજન ! તમે સર્વ પ્રાણીઓ ઉપર દયા કરો. સર્વના હિત સાધનમાં મગ્ન રહો. કોઈના ગુણમાં દોષનું આરોપણ ન કરો. સર્વ પ્રત્યે વિનીત અને કોમળ. રહો સદા સત્ય ભાષણ કરો.

**મુક્તિમિચ્છસિ ચેત્તાત વિષયાન્ વિષયત્ત્યજેઃ।**
**ક્ષમાર્જવદયાશૌચં સત્યં પીયૂવવત્ પિબેઃ ॥**

(અષ્ટાવક્રગીતા)

હે ભાઈ ! જો તને મુક્તિની ઈચ્છા હોય તો વિષયોનો વિષની જેમત્યાગ કર. તથા ક્ષમા, સરળતા, દયા, પવિત્રતા અને સત્યને અમૃતની સમાન ગ્રહણ કર.

**સ્વધર્મે સ્થિરતા સ્થૈર્ય ધૈર્યમિન્દ્રિયનિગ્રહઃ ।**
**સ્નાનં મનોમલત્યાગો દાનં વૈ ભૂતરક્ષણમ્ ॥**

(મહાભારત વન. ૩૧૩/૯૬)

પોતાના ધર્મમાં સ્થિર રહેવું એજ સ્થિરતા છે. ઈંદ્રિયોનો સંયમ એ જ ધૈર્ય છે. માનસિક મળનો ત્યાગ એજ વાસ્તવમાં સ્નાન છે અને સમસ્ત પ્રાણીઓની રક્ષા કરવી એજ દાન છે.

**ધૃતિઃ શમો દમઃ શોચં કારુણ્યં વાગનિષ્ઠુરા ।**
**મિત્રાણાં આનભિદ્રોહં સપ્તૈતાઃ સમિધઃ શ્રિયઃ ॥**

(મહાભારત ઉદ્યોગ. ૩૮/૩૮)

ધીરજ, મનોનિગ્રહ, ઈંદ્રિયસંયમ, પવિત્રતા, દયા, કોમળ, વાણી અને મિત્રનો દ્રોહ ન કરવો, આ સાત વસ્તુઓ સંપત્તિને વધારે છે.

**આત્મા નદી ભારત પુણ્યતીર્થા, સત્યોદયા ધૃતિકલા દયોર્મિ।**
**તસ્યાં સ્નાતઃ પૂયતે પુણ્યકર્મા, પુણ્યો હ્યાત્મા નિત્યમલોભ એવ ॥**

(મહાભારત ઉદ્યોગ. ૪૦/૨૧)

હે ભારત ! આ જીવાત્મા એક નદી છે. તેમાં પુણ્ય એ ઘાટો છે. સત્યસ્વરૂપ પરમાત્મામાંથી એ નદી નીકળેલી છે. ધૈર્ય એ એના કિનારા છે. તેમાં દયાની લહેરો ઊઠે છે. પુણ્યકર્મ કરવાવાળા મનુષ્યો એમાં સ્નાન કરીને પવિત્ર થાય છે. લોભરહિત સદા પવિત્ર છે.

**અદ્રોહ સર્વભૂતેષુ કર્મણા મનસા ગિરા ।**
**અનુગ્રહચ્છ દાનં ચ સતાં ધર્મં સનાતનઃ ॥**
**એવંપ્રાયશ્ચ લોકોડયં મનુષ્યોડશક્તપેશલઃ ।**
**સન્તસ્ત્વેવાપ્યમિત્રેષુ દયાં પ્રાપ્તેષુ કુર્વતે ॥**

(મહાભારત વન. ૨૯૭/૩૫-૩૬)

મન, વચન અને કર્મથી સમસ્ત પ્રાણીઓનો દ્રોહ ન કરતાં, સર્વ પર કૃપા કરવી અને દાન દેવું, એ સત્પુરૂષોનો સનાતન ધર્મ કૌશલ્યથી હીન છે. પરંતુ જે સત્પુરૂષ છે તે તો પોતાની પાસે આવેલા શત્રુ પર પણ દયા કરે છે.

**યોડધ્રુવેણાત્મના નાથા ન ધર્મ ન યજ્ઞઃ પુમાનઃ।**
**ઈહેત ભૂતદયયા સ શોચ્યઃ સ્થાવરૈરપિ ॥**

(શ્રીમદ્ભાગવત ૬/૧૦/૮)

જો પુરૂષ નાશવાન શરીર દ્વારા સમર્થ હોવા છતાં પ્રાણીઓ પર દયા કરી ધર્મ યા યશ પ્રાપ્ત કરવાની ઈચ્છા, ચેષ્ટા, પ્રયત્ન નથી કરતો, તે સ્થાવર વૃક્ષ-પર્વતાદિદ્વારા પણ શૌચનીય છે. કારણ કે વૃક્ષ-પર્વતાદિ પણ તેઓના શરીરદ્વારા પ્રાણીઓની સેવા કરે છે.

**ન ત્વહં કામયે રાજ્યં ન સ્વર્ગં નાપુનર્ભવમ્ ।**
**કામયે દુઃખતપ્તાનાં પ્રાણિનામાર્તિનાશનમ્ ॥**

હું રાજ્યને નથી ચાહતો, સ્વર્ગને નથી ચાહતો અને મોક્ષ પણ હું નથી ચાહતો. હું તો નાના પ્રકારના દુઃખોથી પીડિત પ્રાણીઓની પીડાનો નાશ ચાહું છું.

હવે તમોને જીવ-દયા પર દૃષ્ટાંતો કહેવામાં આવે છે, તે સાંભળો.

## દૃષ્ટાંત-૧

બંગાળમાં નાગમહાશય નામના શ્રીરામકૃષ્ણ પરમહંસના એક પટ્ટ શિષ્ય હતા. તેઓ દયાની સાક્ષાત મૂર્તિ હતા. માછીમારો નદીમાંથી માછલીઓ કાઢી વેચવા જતા એટલે તરજ નાગમહાશય બધી માછલીઓ ખરીદી લેતા અને તરત જ તેને નદીમાં છોડી દેતા હતા.

એક વેળા એક નાગ તેઓના બગીચામાં ભરાઈ ગયો. તેઓની સ્ત્રીએ જોરથી પોકાર કર્યો કે અહીં કાળો નાગ છે, માટે તમો લાકડી લઈને આવો.

નાગમહાશય ખાલી હાથેજ બગીચામાં ગયા. અને સ્ત્રીને કહ્યું કે જંગલનો નાગ કોઈને ઈજા યા હાની કરતો નથી. એ તો મનુષ્યના મનનો સાપજ મનુષ્યને મારી નાંખે છે.

નાગમહાશયે નાગને સંબોધીને કહ્યું કે દેવ, તમોને જોઈને લોકો ડરે છે. માટે કૃપા કરીને આપ અહીંથી બહાર પધારો. નાગમહાશયની પાછળ પાછળ નાગ ચાલવા લાગ્યો અને બગીચામાંથી નીકળી જ જંગલમાં ચાલી ગયો.

એટલા માટે શ્રીગુરુદેવ કબીરજીએ કહ્યું છે કે :-

**પુણ્ય બડા ઉપકાર હૈ, સબકે ઉપર ભાખ;**
**જીવદયા ચિત્ત રાખીએ, બેદ પુરાણ શાખ.**

## દૃષ્ટાંત-૨

રાજા વિક્રમ પ્રજાના કષ્ટો જોવા રાજમાં દિવસ-રાત્રિ ફરતા રહેતા હતા. એકવાર ઘોડા પર બેસી જંગલમાં દાખલ થયા. રાત્રિ થવાની તૈયારી હતી. ભયંકર પશુઓના અવાજો રાજાના કાન પર પડવા લાગ્યા. એટલામાં એક ગાયનો કરુણ અવાજ રાજાના કાન પર પડ્યો. જે દિશામાંથી અવાજ આવ્યો તે દિશા ભણી રાજા ગયો. વર્ષાઋતુના કારણે નદી ઉભરાઈ હતી અને નદીના પાણી નાળામાં ભરાઈ ગયા હતા અને એક નાળામાં ગાય ફસાઈ ગઈ હતી. ગાયના ચારે પગ પાણીમાં ડૂબી ગયા હતા. બિચારી ગાય જરાપણ હલનચલન કરવાને અસમર્થ બની ગઈ હતી.

વિક્રમનું અંતર પ્રચંડ દયાથી ભરપુર હતું. તેઓ દયાના મહાસાગર હતા. એકદમશરીર પરથી વસ્ત્રો ઉતારી ગાયને નાળામાંથી બહાર કાઢવા અનેક કોશિશો

કરી પરિશ્રમવેઠ્યો પણ ગાયને બહાર કાઢી ન શક્યા. પોતે સ્વયં કીચડ (કાદવ)માં લથબથ બની ગયા અને બીજી બાજું અંધકાર છવાઈ ગયો. ગાયનો અવાજ જંગલમાં દૂરદૂર પડવાથી ત્યાં આગળ એક સિંહ આવ્યો. વિક્રમે હાથમાં તલવાર રાખી ગાયનું રક્ષણ કર્યું. સિંહ વારંવાર આક્રમણ કરતો હતો રાજા વારંવાર સિંહને રોકી રાખતો હતો.

નાળાંની બાજુંમાં એક ભારી વૃક્ષ હતું. એટલામાં આ વૃક્ષ ઉપરથી એક શુક (પોપટ) બોલ્યો કે :- હે રાજન ! ગાય તો મરી ગઈ છે અને જો કદાચ હજી જીવતી હશે તો પણ થોડા વખતમાં પાણીમાં ડૂબી મરી જશે. તું ગાયને બચાવવા માટે તારો પ્રાણ શું કામઆપી રહ્યો છે ? અહીંથી તું શીઘ્ર (સત્વર યા જલદી) ચાલ્યો આવ અને આ વૃક્ષ પર ચઢી જા. સિંહ અને બીજા ભયંકર પ્રાણીઓ જંગલમાંથી આવશે તો તારો પ્રાણ વધારે ખરાબ સંકટોમાં મૂકાશે.

વિક્રમે કહ્યું કે :- પક્ષીશ્રેષ્ઠ ! મને અધર્મનો માર્ગ ન બતાવ. પોતાની રક્ષા તો સર્વ જીવો કરે છે. કિંતુ બીજાઓની રક્ષાને માટે પ્રાણ અર્પણ કરે છે તેનેજ ધન્ય ઘટે છે. જેમ સ્વામી વિના સેના વ્યર્થ છે તેમદયા વિના અન્ય સર્વ પુણ્ય-કર્મ વ્યર્થ છે. મારો પ્રાણ આપીને પણ ગાયને બચાવવાનો પ્રયત્ન કરીશ.

પૂરી રાત સુધી વિક્રમગાયની રક્ષા કરતો રહ્યો. પણ પ્રાતઃકાલે વિક્રમે જોયું તો ત્યાં ગાય નથી, સિંહ નથી અને શુક પણ નથી. તેઓની બદલીમાં દેવરાજ ઈંદ્ર, ધર્મ અને ભૂદેવી ઊભા રહેલાં દેખાયાં. દેવરાજ ઈંદ્રે પ્રસન્ન થઈ વિક્રમને કામધેનુ ગાય પ્રદાન કરી.

એટલા માટે શ્રીસંત તુલસીદાસે કહ્યું છે કે :-

**દયા ધર્મકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;**
**તુલસી દયા ન છોડીયે, જબલગ ઘટમેં. પ્રાણ. ૧**
**તુલસી દીલમેં દયા નહિ, ઓર કહાવે સાધ;**
**વાંકી મુખકું દેખતા, કોટી લાગે અપરાધ. ૨**
**તુલસી એ સંસારમેં, પંચ તત્ત્વ હે સાર;**
**સંત સત્-સમાગમહરિભજન, દયા દાન ઉપકાર. ૩**

## દૃષ્ટાંત-૩

અમેરિકાના સંયુક્ત રાજ્યના એક રાષ્ટ્રપતિ એકવાર રાજસભામાં જવા પોતાના મકાનેથી નીકળ્યા. રસ્તામાં તેઓએ એક સુવરને (ભૂંડ-ડુક્કરને) કીચડમાં ફસાયેલું જોયું. સૂવર કીચડમાંથી નીંકળવાની કોશીશ કરી રહ્યું હતું પણ જેટલા પ્રયત્નો તેણે કર્યા કર્યું વધારે તે કીચડમાં ફસાતું જતું હતું. સુવરની આ દયાજનક દશા રાષ્ટ્રપતિથી જોવાઈ નહિ. તેઓએ પોતાના પોશાક સહિત કીચડમાં કૂદકો માર્યો અને સુવરને કીચડમાંથી ખેંચી કાઢ્યું.

વખતસર રાજસભામાં પહોંચવા માટે રાષ્ટ્રપતિ કાદવથી ભરેલા પોશાક સહિત રાજસભામાં ગયા. સભાના બીજા સભ્યોએ રાષ્ટ્રપતિની આ સ્થિતિ જોતા દરેકને ભારે અચંબો થયો. તેઓએ સર્વ વૃત્તાંત સભાના બીજા સભ્યોને કહી સંભળાવ્યું. એટલે સભ્યો તેમનો દયાળુ સ્વભાવની પ્રશંસા કરવા લાગ્યા.

રાષ્ટ્રપતિએ કહ્યું કે :- તમે લોકો વ્યર્થ મારી તારીફ (વખાણ યા પ્રશંસા) કરો છો. મને સૂવર પર દયા આવી ન હતી પણ તે ખરાબ રીતે કીચડમાં ફસી ગયેલું દેખાવાથી મને દુઃખ થયું અને તે દુઃખને મિટાવવા માટે મેં તેને બહાર કાઢ્યું. એમાં મેં સુવરની કાંઈપણ ભલાઈ નથી કરી પણ મેં મારી ભલાઈ કરી છે. કેમકે તેને બહાર કાઢવાથી મારૂં દુઃખ દૂર થઈ ગયું.

અસલમાં પ્રાણીમાત્રના દુઃખથી દુઃખી બની, તેઓને દુઃખમાંથી છોડાવવાની ચેષ્ટાનેજ ''દયા'' નામથી સંબોધવામાં આવે છે.

શ્રીકૃષ્ણભગવાને ''ભગવદ્‌ગીતા'' માં જણાવ્યું છે કે :-

**અભયં સત્ત્વસંશુદ્ધિ ર્જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ ।**
**દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ ॥**
**અહિંસાસત્યમક્રોધસ્ત્યાગઃ શાન્તરપૈશુનમ્ ।**
**દયા ભૂતેષ્વ લોલુપ્ત્વં માર્દવં હ્રીર્ચ્યાપલમ્ ॥**
**તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમદ્રોહો નાતિમાનિતા ।**
**ભવન્તિ સમ્પદં દૈવીમભિજાતસ્ય ભારત ॥**

(ભગવદ્‌ગીતા અ. ૧૬-શ્લો. ૧ થી ૩)

અભય, ચિત્તશુદ્ધિ, જ્ઞાન અને યોગમાં એકનિષ્ઠા, દાતૃત્વ, બાહ્યઈંદ્રિયોનો સંયમ, યજ્ઞ, વેદોનું અર્થસહિત પઠન, તપ, સરળતા, અહિંસા, સત્યભાષણ, અક્રોધ, સંન્યાસ, અંતઃકરણનો ઉપરામ્, ચાડીચુગલીનો અભાવ, પ્રાણીમાત્રમાં દયા રાખવી, વિષયલંપટ ન થવું, નમ્રતા, જનલજ્જા, સ્થિરતા, તેજ, ક્ષમા, ધૈર્ય, પવિત્રતા, અદ્રોહ, નિર્માનીપણું, એ બધા દૈવી સંપત્તિને પ્રાપ્ત થયેલા પુરૂષનાં લક્ષણો છે.

**દ્રષ્ટાંત**

મહર્ષિ વિશ્વામિત્રની કૃપાથી સશરીર સ્વર્ગ જવાવાળા અને ત્યાંથી દેવતાઓદ્વારા સ્વર્ગથી નીચે પડી હજીસુધી વચ્ચે સ્થિત રહેવાવાળા મહારાજ ત્રિશંકુનું નામ પ્રસિદ્ધ છે. તેઓના પુત્ર હરિશ્ચંદ્ર હતા.

હરિશ્ચંદ્ર પ્રસિદ્ધ દાની, ભગવદ્ભક્ત તથા ધર્માત્મા હતા. તેઓની ધાર્મિકતાના પ્રભાવથી તેઓના રાજ્યમાં કદી અકાલ પડ્યો ન હતો. કોઈ દૈવિક યા ભૌતિક ઉત્પાત ન હતો. પ્રજા સુખી, પ્રસન્ન અને ધર્મ પરાયણ હતી. રાજા હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠા ત્રિભુવન (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણે ભુવન-લોક)માં વિખ્યાત હતી. દેવર્ષિ નારદના સ્વમુખથી હરિશ્ચંદ્રની પ્રશંસા સાંભળી, દેવરાજ ઈંદ્રને પણ ઈર્ષા (અદેખાઈ) થઈ અને તેની પરીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. આ કામમાટે વિશ્વામિત્રને તૈયાર કરવામાં આવ્યા.

વિશ્વામિત્રે પોતાના તપના પ્રભાવથી સ્વપ્નમાં હરિશ્ચંદ્ર પાસેથી સંપૂર્ણ રાજ્ય દાનમાં લઈ લીધું અને બીજે દિવસે અયોધ્યા જઈ રાજ્ય માંગ્યું. સત્યવાદી રાજાએ સ્વપ્નના દાને પણ સત્યજ માની, પુરૂં રાજ્ય વિશ્વામિત્રને સોંપી દીધું. હવે રાજ્યનું તો દાન થઈ ગયું.

કાશીનું સ્થળ ભગવાન શંકરના ત્રિશુલ પર વસ્યું છે, એમ શાસ્ત્ર કહે છે, એટલે પૃથ્વીના દાનમાં કાશીને ગણવામાં આવ્યું ન હતું. હરિશ્ચંદ્રે કાશી જવાનું નક્કી રાખ્યું હતું. પરંતુ વિશ્વામિત્રે વધારામાં રાજા પાસેથી દક્ષિણા માગી.

(વધુ આવતાં અંકે)

બુદ્ધિ તત્સ્થ ચિદાભાસાવુભૌ વ્યાપ્રુવતો ઘટમ્ ।
તત્રાજ્ઞાનં પથિ નશ્યેત ચ તન્યેત ઘટઃ સ્ફરેત ॥

બુદ્ધિ અને બુદ્ધિમાં રહેલો ચિદાભાસ એ બન્ને એક સાથે ઘટરૂપ પદાર્થ ઉપર વ્યાપ્ત છે, તેમાં બુદ્ધિના યોગથી ઘટ વિષયક અજ્ઞાનનો નાશ થાય છે અને ચિદાભાસના યોગથી ઘટ વિષયક જ્ઞાનનું સ્ફુરણ થાય છે.

પરંતુ આત્મનુંજ જ્ઞાન કરવાનું હોય છે, ત્યારે બુદ્ધિને કોઈ પણ સહાયક પદાર્થની આવશ્યકતા રહેતી નથી, કેમકે આત્મા સ્વતઃ પ્રકાશ સ્વરૂપ છે અને જ્યારે આનંદસ્વરૂપ આત્મા આત્મજ્યોતિ વડે પ્રકાશવાન થાય છે ત્યારે જળના મેલનો નાશ કરનારી નિર્મળીની પેઠે બુદ્ધિ પણ સ્વતઃ નષ્ટ થઈ જાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપ ભાસિત થાય છે. આ પ્રમાણે બુદ્ધિ બન્ને રૂપાંતરમાં પલટાય છે અને ત્રિગુણાત્મક સંસ્કારોનું ઉલ્લંઘન કરી જતી હોવા છતાં પણ ત્રિગુણાત્મક મનની અંદર તે સૂક્ષ્મસ્વરૂપે રહેલી હોય છે, જેથી પુનઃ અભ્યુત્થાનના સમયે (સમાધિમાંથી વ્યુત્થાન પામ્યા પછી) દૈહિક ભાન પ્રવર્તતા રજોગુણની પ્રવૃત્તિ જોવામાં આવે છે અને તે રજોગુણવાન પાછો બુદ્ધિભાવને અનુસરે છે, જેથી ફરી પાછી બુદ્ધિ સર્વે ઇંદ્રિયોને પ્રવર્તાવે છે અને તે સમયે સત્વ અને તામસ ગુણ પણ રાગદ્વેષાદિ ગુણોનો આશ્રય કરીને પોતાની પ્રવૃત્તિ ચાલુ કરે છે. પ્રસન્નતા એ સત્વગુણનું, શોક એ રજોગુણનું અને મોહ એ તમોગુણનું સ્વરૂપ છે. આ જગતમાં જે જે શમદમાદિક ભાવો જોવામાં આવે તે સર્વનો આ ત્રણ ગુણમાં સમાવેશ થાય છે.

છુટક નકલ રૂા. ૫-૦૦
વાર્ષિક લવાજમ રૂા. ૬૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

આત્મસમર્પણ એટલે પોતાનું અંતર, પોતાનો આત્મા, તેના સમસ્ત કિરણો, પોતે સ્વયં ઉપરાંત આત્મજ્યોતિની પ્રભુ પ્રાપ્તિની બ્રહ્મજિજ્ઞાસા સહિત પોતાનો લય એટલે પોતે છે. યા પોતે કાર્ય કરે છે તેવા સમસ્ત અહમનો લય; એટલું જ નહિ પણ પોતે યા પોતાની પાસે પોતાનું છે એવું જે કાંઈ હોય તે તમામને અર્પણ કરી દેવું તેમાં પોતાના વિચારો, પોતાના આચારો, કામનાઓ, તેવો વિગેરેનો આગ્રહ છોડી દઈને તે સ્થાને પ્રભુના દિવ્ય પરમસત્યસ્વરૂપ જ્ઞાન જ્યોતિને અને તેની પરમેચ્છા યા મોક્ષેચ્છાઓને અને સત્યકાર્યોને પોતાની પ્રવૃત્તિમાં સર્વત્ર પુષ્ટિ આપવી એટલે કે પોતાની પ્રકૃતિને અનુરૂપ બનાવી દેવી તે રીતે આત્મસમર્પણ કરવું તે ઉચ્ચ કક્ષાનો નિર્મળ, નિર્ભેળ, પૂર્ણભાવવાળો ત્યાગ હોય છે.

વર્ષ-૧૨, અંક-૧, સંવત ૨૦૭૨ પોષ વદ-૩, બુધવાર ૨૭-૦૧-૨૦૧૬

| | |
|---|---|
| માલિક, મુદ્રક/પ્રકાશક અને તંત્રી | : જયવર્ધન રમુજીલાલ વ્યાસ<br>વલ્લભવાડી રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.<br>દ્વારા તા. ૨૭-૦૧-૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ કર્યું. |
| ચેતવણી કાર્યાલય | : વલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. |
| મુદ્રણ સ્થળ | : ભવાની ઓફસેટ,૩/૨૦, કૈલાસ એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫. |